# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૨૯/૬/૨૦૨૦

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# 'આત્મનિર્ભર ભારત' વિષય ઉપર વેબીનાર યોજાયો

**સુરત :** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા તા. ૨૬ જૂન ૨૦૨૦ના રોજ સાંજે ૬:૦૦ કલાકે 'આત્મનિર્ભર ભારત' વિષય ઉપર ૮૨માં વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ઇન્ડિયન પોલિટિશ્યન, જર્નાલિસ્ટ, ઓથર અને સ્ટ્રેટેજીક એન્ડ ફોરેન પોલિસી એનાલિસ્ટ ડો. શેષાદ્રી ચારીએ ભારતને આત્મનિર્ભર બનાવવા માટે મેક ઇન ઇન્ડિયા પ્રોજેકટને ખરા અર્થમાં સાર્થક કરી મેન્યુફેકચરીંગની દૃષ્ટિએ ભારતને મજબુત થવું પડશે તેમ જણાવી મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ વેબીનારમાં સર્વેને આવકાર્યા હતા અને જણાવ્યુ હતુ કે ચેમ્બર દ્વારા ટેક્ષ્ટાઇલ, ઇન્વેસ્ટમેન્ટ અને રીયલ એસ્ટેટ જેવી દરેક ઇન્ડસ્ટ્રીને સાંકળતા વિવિધ વિષયો ઉપર વેબીનારોનું આયોજન કરવામાં આવ્યુ છે. આજના વેબીનારમાં આત્મનિર્ભર ભારત અંગે એનાલિસિસ કરનાર ડો. શેષાદ્રી ચારી મહત્વની સમજણ આપશે.

ડો. શેષાદ્રી ચારીએ તેમના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, ભારતને આત્મનિર્ભર બનાવવા માટે મેક ઇન ઇન્ડિયાના પ્રોજેકટને ખરા અર્થમાં સાર્થક કરવો પડશે. મેક ઇન ઇન્ડિયાના પ્રોજેકટને સફળ બનાવીશું ત્યારે જ આપણે આપના દેશને આત્મનિર્ભર બનાવી શકીશું. એના માટે સૌપ્રથમ આપણને ફિનીશ્ડ ગુડ્સ, કાચો માલ અને રો મટિરિયલ જે વિદેશથી મોટી માત્રામાં આયાત કરવામાં આવે છે તેને બંધ કરવુ પડશે. ત્યારબાદ મેન્યુફેકચરીંગ સેકટર ઉપર ધ્યાન આપવુ પડશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, છેલ્લા ઘણા વર્ષોથી ભારતે મેન્યુફેકરીંગ ઇન્ડસ્ટ્રીમાં રોકાણ જ કર્યુ ન હતુ. જેને કારણે ચાઇના તથા અન્ય દેશો મેન્યુફેકચરીંગ ઇન્ડસ્ટ્રીની દૃષ્ટિએ આપણા કરતા આગળ નીકળી ગયા છે. આથી મેન્યુફેકચરીંગ ઇન્ડસ્ટ્રીની દૃષ્ટિએ મજબુત થવા માટે સપ્લાય ચેઇનને ધ્યાનમાં રાખવી પડશે. કોવિડ– ૧૯ને કારણે ડિસરપ્શન આવી ગયુ છે પરંતુ આ ડિસરપ્શનને કારણે આજે ભારતને ઉત્પાદન ક્ષેત્રે આગળ વધવા માટેની તક મળી છે. આ તકનો લાભ લઇને સ્કીલ ડેવલપમેન્ટ, નવા ઇનોવેશન કરી અને લોકલ પ્રોડકશનની કવોલિટી સુધારીને સપ્લાય ચેઇનને ઇમ્પ્રુવ કરી શકાય છે.

ડો. ચારીએ કહયુ હતુ કે, મોટા ઉદ્યોગોની જેમ લઘુ ઉદ્યોગો તરફ પણ ધ્યાન આપવુ પડશે. આપણા દેશના જીડીપી ગ્રોથમાં ૩૦ ટકા કોન્ટ્રીબ્યુશન એમએસએમઇ સેકટરમાંથી આવે છે. તેમ છતાં આપણે મોટા ઉદ્યોગકારોને જોઇએ છીએ પણ નાના ઉદ્યોગકારો તરફ જોઇએ તેટલું ધ્યાન આપતા નથી. આથી લઘુ ઉદ્યોગકારો તરફ પણ ધ્યાન આપીને ઇકોનોમિક ફંડામેન્ટલમાં સુધાર લાવવો પડશે. હાલમાં આપણે ત્યાં બેન્કીંગ સેકટરમાં ઘણા બધા પરિવર્તન આવ્યા છે, પરંતુ હજી ઘણા પરિવર્તન લાવવાની જરૂર છે. ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં માળખાકીય સુધાર લાવવો પડશે. સાથે જ ટેક્ષ અને ડિગ્નીટરી રિફોર્મમાં પણ બદલાવ લાવવો પડશે.

ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ વેબીનારું સંચાલન કર્યુ હતુ. અંતે શ્રી મૃણાલ શુકલએ સર્વેનો આભાર માની વેબીનારનું સમાપન કર્યુ હતુ.